જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૨/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૪૬૩/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૫૯ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૧૮૫ લીટર દેશી દારૂ, ૧૧૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨૯૬ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૮૪૦ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૭૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૪૬૪/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડી અને વિશ્વાસઘાત :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૬૫/૧૭</u>**

**નવરંગપુરા :** શીવાંગીબેન વા/ઓ અમીતભાઇ પંચાલ (ઉ.વ.૫૫)(રહે,ચૈતન્યનગર, લખુડી તળાવ પાસે નવરંગપુરા) એ તા.૭/૧૨/૧૭ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે શીવાંગીબેન તથા તેમના પિતા તથા તેમના બહેન નાઓ એન્વાયરમેન્ટ રીસર્ચ અને ડેવલપમેન્ટ સેન્ટર અમદાવાદ ટ્રસ્ટના ટ્રસ્ટી હોઇ, તા.૩૧/૩/૨૦૦૬ ના રોજ શીવાંગીબેનના પિતા મરણ જતા, આ ટ્રસ્ટનો વહીવટ પોતાના વિશ્વાસુ કૌટુંમ્બીક મિત્ર આરોપી તહેમુલબી. શેઠના (રહે,કૈરવી બંગલોઝ બોડકદેવ) નાઓને ટ્રસ્ટ ચલાવવા માટે આપેલ. જેઓએ તા.૦૯/૧૧/૨૦૧૭ પહેલા કોઇપણ સમયે શીવાંગીબેન ની બહેનને વિશ્વાસમાં લઇ તેઓની જાણ બહાર ટ્રસ્ટના નામે ખાતું ખોલાવવા માટે એકાઉન્ટ ઓપનીંગ ફોર્મમા સહીઓ લઇ, સાઉથ ઇન્ડીયન બેંક લીમીટેડ બેંકમાં ખાતુ ખોલાવી, તે એકાઉન્ટમા શીવાંગીબેન તથા તેમની બહેનના ચેકોમા ખોટી સહીઓ કરી, આરોપીએ પોતે તથા તેમના પી.એ. વિજય સોલંકી તથા મળતીયા માણસો દ્વારા શીવાંગીબેનની જાણ બહાર આશરે ૬.૮૫ કરોડના વ્યવહારો કરી, નાણા ઉપાડી લઇ, પોતાના અંગત ઉપયોગમા વાપરી નાંખી, શીવાંગીબેન તથા તેમના બહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે.આ ગુનાની તપાસ પોઇ.શ્રી એમ.એમ.જાડેજા ચલાવે છે

**અમરાઇવાડી :** રીચર્ડ જોસેફ મોરીસ (ઉ.વ.૫૬)(રહે,વન્દનપાર્ક રેલ્વે ક્રોસીંગ પાસે, મણીનગર) એ તા.૭/૧૨/૧૭ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૧ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન અમરાઇવાડી ખાતે આવેલ રીચર્ડ ની સ્કુલે તથા તેઓના ઘરે આરોપી (૧) રાજુભાઇ સોમાભાઇ રાઠોડ (રહે,સતાધાર સોસાયટી અમરાઇવાડી) (૨) દતાત્રેય સીન્દે (૩) સુરેશભાઇ લખુભાઇ પરમાર (૪) પરમાર સાહેબ તથા (૫) ટુંડીયા સાહેબ (જેઓના પુરા નામ-સરનામાની ખબર નથી તે) ભેગામળી પોતાનો ઇરાદો પાર પાડવા કાવતરુ રચી, રીચર્ડ ને કલેક્ટરશ્રી ની માલીકીની સરકારી જમીન ભાડાપટ્ટે અપાવવાનુ કહી, રીચર્ડ ને વિશ્વાસમાં લઇ, તેઓ પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૪૫,૮૬,૦૦૦/- મેળવી લઇ, ખોટા અને બનાવટી સરકારી દસ્તાવેજો બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી, રીચર્ડ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.પરમાર ચલાવે છે.

**વસ્ત્રાપુર :** નિધીકૌર વા/ઓ હરપ્રીતસિંગ અરોરા (ઉ.વ.૨૯)(રહે, રાજતીલક રો-હાઉસ સંદેશપ્રેસ રોડ વસ્ત્રાપુર) એ તા.૭/૧૨/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧૧/૧૭ ના કલાક ૧૧/૧૫ વાગ્યાના સુમારે નિધીકૌરને મોબાઇલ નંબર-૯૯૧૧૫૯૬૨૩૫ તથા ૯૯૧૧૫૯૮૬૭૯ ના ધારકે ફોન કરી જણાવેલ કે “તેમને નોકરી માટે બાયોડેટા સિલેક્ટ કરવામાં આવેલ છે અને તેના માટે તમારે www.naukrisearch.co.in નામની વેબસાઇટ પર ફોર્મ ભરવાનુ રહેશે” તેમ કહેતા, નિધીકૌર એ તે મુજબ કરતા, ફોન કરનાર અજાણી વ્યક્તિએ ઇન્ટરનેટ માધ્યમનો દુરપયોગ કરી, નિધીકૌરનાં SBI બેંક, બારખેડી બ્રાંચ, ભોપાલ(મધ્યપ્રદેશ)નાં ખાતામાંથી કુલ રૂપીયા ૧,૪૧,૦૦૦/- નું ટ્રાન્જેકશન કરી, નિધીકૌર સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એમ.જાડેજા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૬૬/૧૭**

**માધવપુરા :** દિનેશ નંદલાલ મોટવાણી(સિંધી) (ઉ.વ.૪૪)(રહે,માધવ બંગલોઝ વિભાગ-૧, મોટેરા રોડ, ચાંદખેડા) એ તા.૭/૧૨/૧૭ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૧૨/૧૭ રાતના ૮/૧૫ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન કાલુપુર શાક માર્કેટ ની સામે આવેલ સેન્ચુરી માર્કેટની બાજુમા બોમ્બે ફાયર સેફટી નામથી દુકાન આગળ રોડ ઉપર પાર્ક કરેલ પોતાની એકટીવા ની ડેકીનું લોક તોડી, કોઇ અજાણી વ્યક્તિ ડેકીમાં મુકેલ બેગ કે જેમાં રોકડ રૂપિયા ૨,૪૪,૦૫૦/- મુકેલ હતા તે બેગની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી આર.બી.ગોજીયા ચલાવે છે.

**વાડજ :** જસીબેન રામજીભાઇ પરમાર (ઉ.વ.૬૩)(રહે,સાબરનગર કાશ્મીરા હોલની સામે નવા વાડજ) એ તા.૭/૧૨/૧૭ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૧૨/૧૭ સાંજના ૭/૩૦ થી ૭/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં ખુલ્લા દરવાજાથી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાના દાગીના કુલ કિંમત રૂપીયા ૨૧,૨૦૦/- મતાનાં ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.